પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૦૭ | ૨૭ જુન, ૨૦૧૭, મંગળવાર ; અષાઢ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વ્હાઈટ હાઉસમાં તુટી ૨૦ વર્ષ જુની પરંપરા

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રમઝાનના અવસર પર વ્હાઈટ હાઉસમાં થતી ઈફતાર ડિનર પાર્ટીને રદ કરી મુસ્લિમોને મોટો આંચકો આપ્યો છે. છેલ્લા ૨૦ વર્ષથી વ્હાઈટ હાઉસમાં ઈફતાર પાર્ટીનું આયોજન થતું હતું.

### હરિયાણાની માનુષી બની મિસ ઈન્ડિયા વર્લ્ડ

રવિવારે મુંબઈમાં આયોજિત ૫૪મી મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૭ની પ્રતિયોગિતામાં હરિયાણાની માનુષી ચિલ્લરને મિસ ઈન્ડિયા વર્લ્ડ ૨૦૧૭ની વિજેતા જાહેર કરવામાં આવી હતી. પ્રથમ રનર અપ જમ્મુ કાશ્મીરની સના દુઆ અને દ્વિતિય રનરઅપ પ્રિયંકા કુમારી રહી હતી.

### લ્યુપિનના દેશબંધુ ગુપ્તાનું નિધન

લ્યુપિન કંપનીના ફાઉન્ડર અને ચેરમેન દેશબંધુ ગુપ્તાનું ૭૯ વર્ષની વયે મુંબઈમાં નિધન થયું છે. લ્યુપિનની માર્કેટ કેપિટલ હાલમાં રૂ. ૪૮ હજાર કરોડ છે.

### ફેસબુક પર મોદી બાદ વિરાટ સૌથી લોકપ્રિય

તમામ પ્રકારના વિવાદો છતાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીની લોકપ્રિયતા સતત વધી રહી છે. ૨૮ વર્ષીય કોહલીએ પોતાની યશકલગીમાં વધુ એક મોરપીછુ ઉમેરી લીધુ છે. તે હવે ફેસબુક પર સૌથી વધારે ફોલો કરવામાં આવતા બીજા ભારતીય તરીકે થઈ ગયો છે.

# ભ્રષ્ટાચારનો કોઈ દાગ નથી : મોદી

**ત્રણ વર્ષના ગાળામાં સરકાર ઉપર ભ્રષ્ટાચારના કોઇ દાગ નથી : અમેરિકામાં ભારતીય સમુદાયને નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યુ : પહેલાની સરખામણીમાં ભારત હવે ખુબ ઝડપથી આગળ વધી રહ્યું હોવાનો દાવો : સર્જીકલ સ્ટ્રાઇકને લઇને દુનિયાના દેશો પ્રશ્ન કરી શક્યા નથી : મોદી**



વર્જિનિયા,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના વર્જિનિયામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરતા દાવો કર્યો હતો કે ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન સરકાર પર ભ્રષ્ટાચારના કોઈ દાગ નથી. તેમણે દાવો કર્યો હતો કે પહેલાની તુલનામાં ભારત હવે અતિ ઝડપથી આગેકુચ કરનાર દેશોની યાદીમાં સૌથી ઉપર છે. મોદીએ સર્જિકલ સ્ટાઈકનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો અને કહ્યુ હતુ કે દુનિયામાં કોઈ પણ દેશે ભારતની કાર્યવાહી સામે પ્રશ્ન ઉઠાવ્યા નથી. મોદીએ તમામ મુદ્દા ઉઠાવીને તેમની જોરદાર શેલીમાં રજૂઆત કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે અમે ભારત પર ત્રાસવાદના ખતરનાક પ્રભાવ અંગે વાત કરવામાં અને વિશ્વના દેશોને આ વાત સમજાવવામાં સફળ રહ્યા છીએ. સર્જિકલ સ્ટ્રાઈક દર્શાવે છે કે અમે સંયમ પણ રાખી રહ્યા છીએ. સાથે સાથે સમય આવતા જવાબ આપવાની પણ તાકાત છે. મોદીએ ઉપસ્થિત ભારતીય સમુદાયના લોકોમાં કહ્યુ હતુ કે અહીં પરિવારના લોકો સાથે મળીને તેમને ખુશી થઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે જયારે તેઓ મુખ્યપ્રધાન અથવા તો

● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વની દિગ્ગજ કંપનીઓના સીઈઓ સાથે મોદીની ચર્ચા

**ભારતમાં મોટા પાયે રોકાણ કરવા આમંત્રણ જીએસટી ગેમ ચેન્જર તરીકે રહેશે : મોદીનો દાવો ટીમ કુક અને સુન્દર પિચાઇ હાજર રહ્યા**



વોશિંગ્ટન,તા. ૨૬

ભારતમાં મોટા પાયે રોકાણ કરવા માટે ટોચની અમેરિકી કંપનીઓને આમંત્રણ આપતા આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ હતુ કે ભારત વેપારલક્ષી સ્થળ અને દેશ તરીકે છે. ખાસ કરીને હવે જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ તો આદર્શ સ્થળ તરીકે રહેશે. મોદીએ અમેરિકાની દિગ્ગજ કંપનીઓના સીઈઓ સાથે વાતચીત કરી હતી. આ વાતચીત ૯૦ મિનિટ સુધી ચાલી હતી. વાતચીત બાદ મોદીએ કહ્યુ હતુ કે સફળ વાતચીત થઈ છે. બેઠકમાં જો દિગ્ગજ હાજર રહ્યાહતા તેમાં એપલના ટીમ કુક, ગુગલના સુન્દરપિચાઈઅને એમેજોનના જેફ બેઝોસનો સમાવેશ થાય છે. મોદીએ ભારતીય સમુદાયના લોકો સાથે પણ વાત કરી હતી. વાતચીતમાં વિવિધ મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. મોદીને મળવા માટ પહોંચેલામાં જોન્સન એન્ડ જોન્સનના સીઈઓ પણ સામેલ રહ્યા હતા. અગાઉ ગઈકાલે નરેન્દ્ર મોદી અમેરિકા પહોંચ્યા હતા. જ્યાં તેમના સ્વાગત માટે ભારતીય હાઈકમિશનર નવતેજ શર્મા અને દિલ્હીમાં અમેરિકી રાજદૂતના પ્રભારી મેરીકે લાસ કાર્લસન ઉપસ્થિત હતા.


# બિહારમાં મહાગઠબંધનમાં તિરાડ

**રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને લઇને ભાજપની રાજકીય ચાલ સફળ : નીતિશકુમાર તેમજ જેડીયુ ઉપર ગુલામ નબી આઝાદે પણ પ્રહારો કરતા હવે સ્થિતિ જટિલ બની : આરજેડી, જેડીયુ પાર્ટી પહેલાથી આમને સામને આવી**

પટણા,તા. ૨૬

રામનાથ કોવિંદને એનડીએ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા બાદ બિહારના મહાગઠબંધનમાં તિરાડની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ભાજપની આ રાજકીય ચાલ વિપક્ષ ઉપર ભારે પડી રહી છે. એકબાજુ બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે વિપક્ષી એકતાને મોટો ફટકો આપીને કોવિંદને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. બીજી બાજુ કોંગ્રેસની સાથે કેટલીક અન્ય પાર્ટીઓ પણ સ્પષ્ટવલણ અપનાવવાને લઈને ખચકાટ અનુભવ કરી રહી છે. બીજી બાજુ કોંગ્રેસે બિહારમાં સત્તારુઢ મહાગઠબંધનના ભાગીદાર જેડીયુના અધ્યક્ષ નીતિશ કુમાર ઉપર પ્રથમ મોટો પ્રહાર કર્યો છે. હજુ સુધી આ મામલાને લઈને કોંગ્રેસ પાર્ટી નીતિશકુમાર અથવા તો જેડીયુને ટાર્ગેટ બનાવવાથી બચી રહી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે આજે કહ્યું હતું કે, જે લોકો એક સિદ્ધાંતમાં વિશ્વાસ કરે છે તે માત્ર એક જ નિર્ણય કરે છે.

● અનુસંધાન પાન-૭ પર



# બીજી વનડેમાં વિન્ડીઝ પર ભારતની ૧૦૫ રને જીત

**રહાણેના ૧૦૩ અને વિરાટ કોહલીના ૮૭ રન : બીજી વનડે મેચમાં ભારતે ૫ વિકેટે ૩૧૦ રન કર્યા બાદ વરસાદના કારણે ઓવરની સંખ્યા ઘટાડી દેવામાં આવી**

પોર્ટ ઓફ સ્પેન,તા. ૨૬

પોર્ટ ઓફ સ્પેન ખાતે રમાયેલી વરસાદગ્રસ્ત



બીજી વનડે મેચમાં ભારતે વેન્ટ ઈન્ડિઝ પર ૧૦૫ રને જીત મેળવી હતી. આ મેચમાં ભારત તરફથી રહાણેએ શાનદાર ૧૦૩ રન કર્યા હતા. જ્યારે કેપ્ટન વિરાટ કોહલીએ ૮૭ રન કર્યા હતા. વિન્ડીઝની સામે ભારતે પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટે ૩૧૦ રન કર્યા હતા. જો કે મોડેથી વરસાદ પડતા મેચમાં ઓવરની સંખ્યા ઘટાડી દઈને ૪૩-૪૩ કરી દેવામાં આવી હતી. ભારતના ૩૧૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતા વિન્ડીઝની ટીમ ૪૩ ઓવરમાં છ વિકેટે માત્ર ૨૦૫ રન કર્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી હોપે સૌથી વધારે ૮૧ રન કર્યા હતા. જ્યારે કુલદીપે સૌથી વધારે ત્રણ વિકેટ ઝડપી હતી. ભુવનેશ્વર કુમારે બે અને અશ્વિને એક વિકેટ ઝડપી હતી. ટોસ ગુમાવી દીધા બાદ પ્રથમ બેટિંગ કરવા માટે ઉતરેલી ભારતીય ટીમને રહાણે અને શિખર ધવને જોરદાર શરૂઆત આપી હતી. ધવન ૬૩ રન કરીને આઉટ થયો હતો. રહાણે અને કોહલીએ

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ઈદના પર્વે પણ પથ્થરમારો

**સુરક્ષા દળો સાથે અથડામણમાં અનેક લોકોને ઇજાઓ : ખીણમાં કેટલીક જગ્યાઓએ નમાઝ અદા કરવામાં આવ્યા બાદ પથ્થરમારો, અથડામણના બનાવો : કટ્ટરપંથી લીડરોને નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા**





શ્રીનગર,તા. ૨૬

જમ્મુ કાશ્મીર સહિત દેશભરમાં ઈદની ઉજવણી આજે પરંપરાગતરીતે કરવામાં આવી રહી હતી ત્યારે કાશ્મીરમાં ઈદના પ્રસંગે પથ્થરમારાના બનાવો બન્યા હતા. દેખાવકારો અને સુરક્ષા દળો વચ્ચે સંઘર્ષની સ્થિતિ સર્જાઈ હતી. કાશ્મીરમાં લોકોના ટોળા મસ્જિદો, દરગાહ અને ઈદગાહ પર ખાસ પ્રાર્થના માટે એકત્રિત થયા હતા. ઈદ માટે ખાસ પ્રાર્થનાના ભાગરુપે સૌથી વધારે ભીડ હઝરતબાગમાં ઉમટી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે, અહીં આશરે ૫૦૦૦૦ લોકોએ નમાઝ અદા કરી હતી. આ ઉપરાંત જુના શહેરના ઈદગાહમાં ૪૦૦૦૦ લોકો એકત્રિત થયા હતા. કાશ્મીર ખિણમાં અનેક જગ્યાએ નમાઝ અદા કતરવામાં આવ્યા બાદ હિંસાની શરૂઆત થઈ હતી. દેખાવકારોએ જોરદાર પથ્થરમારો કર્યો હતો. જો કે, મોટાભાગના વિસ્તારોમાં સ્થિતિને કાબૂમાં લઈ લેવામાં આવી હતી. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, અનંતનાગ, સોપોરે, કુલગામ, પુલવામા અને પટ્ટણ શહેરોમાં હિંસક અથડામણમાં ૧૦ દેખાવકારો ઘાયલ થયા છે. અનંતનાગમાં જંગલાત મંડીમાં નમાઝ બાદ તરત જ હિંસાની શરૂઆત થઈ હતી. પોલીસે ભીડને અલગ પાડવા માટે ટીયરગેસના સેલ છોડ્યા હતા. અનંતનાગમાં આશરે એક કલાક સુધી અથડામણોનો દોર ચાલ્યો હતો. બારામુલ્લા જિલ્લાના સોપોરે તથા પટ્ટણ શહેરોમાં પણ ઈદની નમાઝ બાદ અથડામણના સમાચાર મળ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, સુરક્ષા દળોએ આ સ્થળ ઉપર પથ્થરબાજોનો સામનો કરવા માટે અતિઆધુનિક રણનીતિ અપનાવી હતી. ખીણમાં અન્યત્ર શાંતિ રહી હતી. જમ્મુ કાશ્મીરમાં છેલ્લા ઘણા સમયથી સ્થિતિ તંગ બનેલી છે.

મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ ઉચ્ચ સુરક્ષા વાળા વિસ્તારની એક મસ્જિદમાં નમાઝ અદા કરી હતી. સુરક્ષાના કારણોસર કેટલાક મંત્રીઓ, ટોચના બિન લશ્કરી અને પોલીસ અધિકારીઓએ જિલ્લા પોલીસ લાઈન મસ્જિદમાં સવારે ૬.૩૦ વાગે નમાઝ અદા કરી હતી. કાશ્મીરના ડીજીપીએ ગઈકાલે જ એક દિશાનિર્દેશ જારી કરીને પોલીસ જવાનો અને વીઆઈપી લોકોને સુરક્ષિત સ્થળો ઉપર નમાઝ અદા કરવા કહ્યું હતું. અધિકારીઓએ સઈદ અલી શાહ ગિલાની, મિરવાઈઝ ઉમર જેવા કટ્ટરપંથી અલગતાવાદી લીડરોને નજરકેદ હેઠળ રાખ્યા હતા. ઈદના પ્રસંગે ઉપસ્થિત થનાર લોકોની વચ્ચે તેમની હાજરીથી હિંસા ભડકી શકે છે તેવી દહેશત હતી જેથી તેમને નજરકેદ હેઠળ રાખવામાં આવ્યા હતા.

# કૈલાશ માનસરોવર યાત્રાએ જતા ભારતના શ્રદ્ધાળુને ચીને અટકાવ્યા

**ખરાબ હવામાન અને સલામતીના કારણોસર ભારતીયોને રોકવામાં આવ્યા છે : ચીની વિદેશમંત્રાલય દ્વારા ખુલાસો**

નવીદિલ્હી, તા. ૨૬

ચીને સુરક્ષાના કારણોસર ૪૭થી વધુ ભારતીય શ્રદ્ધાળુઓને કૈલાશ માનસરોવર જતા રોકી દીધા છે. આને લઈને ભારત અને ચીન વચ્ચે તંગદિલી સર્જાઈ હોવાના અહેવાલ મળ્યા છે. આના જવાબમાં આજે ચીને કહ્યું હતું કે, સિક્કમમાં નાથુલા પાસ મારફતે તિબેટમાં કૈલાશ માનસરોવર જતાં ૪૭ ભારતીય શ્રદ્ધાળુઓને પ્રવેશ કરવાના ઈન્કારને લઈને ભારત સાથે વાતચીત ચાલી રહી છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાનું કહેવું છે કે, જ્યાં સુધી તેમની માહિતીની વાત છે. બંને સરકારો આ મુદ્દા ઉપર વાત કરી રહી છે. ચીને આજે કહ્યું હતું કે, બને સરકારો સાનુકુળરીતે આગળ વધી રહી છે. બીજી બાજુ આ મામલે વધુ માહિતી આપવાનો ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા જેંગ સુહાંગે ઈન્કાર કર્યો હતો. તમણે કહ્યું હતું કે, પ્રવેશ આપવાથી ઈન્કાર કરવા પાછળ સુરક્ષાના કારણો રહેલા છે. ભેખડો ધસી પડવાના બનાવ અને ભારે વરસાદ સાથે સંબંધિત હવામાનને લગતા મુદ્દા છે જેના કારણે ચીની અધિકારીઓએ શ્રદ્ધાળુઓને ભારત-ચીન સરહદ ઉપર રોકી દીધા છે. બંને દેશોના વિદેશ મંત્રાલય દ્વારા આ મુદ્દા ઉપર ચર્ચા ચાલી રહી છે. ચીને ગયા સપ્તાહમાં નાથુલા પાસ મારફતે કૈલાશ માનસરોવર યાત્રા પર નિકળેલા ૪૭ ભારતીય શ્રદ્ધાળુઓના પ્રથમ જથ્થાને પ્રવેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો.



● અનુસંધાન પાન-૭ પર





